**<u>ખાસ જરૂરી</u>**


**મુકેશભાઈ સી. દવે**
માનદમંત્રી-અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સ.એસો.
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર,
સ્વામીનારાયણ મંદિરની સામે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ઈ-મેલ : agtta.gujarat@yahoo.com
ફોન/ફેકસ : ૦૭૯-૨૫૬૨૧૪૪૭


તા.૨૭-૦૯-૨૦૧૩

પ્રતિશ્રી,
**માનનીય શ્રી એચ.એ.શાહ સાહેબ,**
**જાહેર માહિતી અધિકારી,**
ગુ.રા.મા.વિ.નિ.લિ.
ગાંધીનગર.

**<u>વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન-૨૦૦૫ અન્વયે માહિતી આપવા બાબત</u>**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે આપના તરફથી તા.૨૩-૦૯-૨૦૧૩નો પત્ર ક્રમાંક નં : જીએસઆરડીસી/આરટીઆઈ/ ૨૨૮૫/૨૦૧૩નો પત્ર અત્રે કાર્યાલયમાં મળેલ છે. જેમાં અમોએ રાઈટ ટુ ઈન્ફોર્મેશન-૨૦૦૫ અન્વયે **વડોદરા-હાલોલ-કાલોલ રોડ પ્રોજેકટનો સને ૨૦૦૧ થી સને ૨૦૧૩ સુધીના ઓડિટ રીપોર્ટની કોપી આપવા જણાવેલ.**

**પરંતુ આપના પત્રની વિગતે હાલોલ-કાલોલ રોડ એ ૯ કી.મી.નો રોડ છે તે આપની કચેરીના હાલોલ-ગોધરા-લુણાવાડા-શામળાજી બીઓટી પ્રોજેકટનો ભાગ છે. જેથી હાલોલ-કાલોલ રસ્તાનો અલગ ઓડિટ રિપોર્ટ ન હોઈ શકે, પરંતુ સમગ્ર રસ્તાનો ઓડિટ રિપોર્ટ હોય છે.**

ઉપરોકત વિગતે જણાવવાનું કે જો આ ઓડિટ રિપોર્ટ અલગ ન હોય તો, સમગ્ર રસ્તાનો ઓડિટ રીપોર્ટ મોકલી આપવા મહેરબાની કરશોજી. આ માહિતી મેળવવા માટેની જરૂરી ફી/ખર્ચ ભરવા અમો તૈયાર છીએ અને આ અંગે જે ફી/ખર્ચ ભરવાનો થતો હોય તે અંગે અમોને અત્રે કાર્યાલયમાં જાણ કરશોજી.

આભારસહ

આપનો વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(માનદમંત્રી)

જાણ સારૂં સામેલ : આપના તા.૨૩-૦૯-૨૦૧૩ના પત્રની નકલ